# ચાળીસીએ ઓચ્છવ

12 ફેબ્રુઆરી 1977ના સ્થપાયેલી આપણી આ સંસ્થાએ નાત, જાત, ધર્મ, સંપ્રદાય, જાતિપાંતિ કે ભૂગોળની પેલે પાર રહી, ગુજરાતી ભાષા, સાહિત્ય તેમ જ સંસ્કૃતિ ક્ષેત્રે સર્વસમાવેશક કાર્યક્રમોની હારમાળા રચતાં રચતાં 41 વર્ષ પૂરાં કર્યા છે. આપણે જાણીએ છીએ કે વર્ષ 2017 અને ૨૦18 એમ બે વર્ષો અકાદમીની માણેકજયંતી(Ruby Jubilee)ની ઉજવણીનાં વર્ષો છે.

આ ચાળીસીની ઊપજનાં લેખાંજોખાં કરવાનો એક જાહેર ઉપક્રમ, આથીસ્તો, આપણે **16 સપ્ટેમ્બર 2018**ના હાથ ધરવાનો છે. કવિતા, નવલિકા, નવલકથા, નિબંધ, આત્મકથા-જીવનકથા તથા પ્રકીર્ણ સાહિત્ય ઉપરાંત ગીતસંગીત, નાટક, પત્રકારત્વ, ભાષાશિક્ષણ તેમ જ ઉત્તરીય વિસ્તારની સાહિત્યસંસ્થાઓ જેવા જેવા વિષયોને નાણતો એ આખા દિવસનો પરિસંવાદ **વેમ્બલીસ્થિત માંધાતા યૂથ ઍન્ડ કમ્યુનિટી ઍસોસિયેશનના સભાખંડ[20A Rosemead Ave, Wembley HA9 7EE]માં** યોજવામાં આવશે. આપણા અગ્રગણ્ય સાહિત્યકાર **ડૉ. અદમ ટંકારવી અતિથિ વિશેષ હશે. …** અવશ્ય પધારો.

આ અવસરનો વિગતવાર કાર્યક્રમ આ મુજબ છે :

10.00 થી 13.00

આરંભિક : અડધો કલાક

પહેલી બેઠક : સભા સંચાલન - **નયનાબહેન પટેલ**

છ વિષય; દરેકને વીસેક મિનિટ

- **કવિતા – પંચમભાઇ શુક્લ**
- **નવલકથા – વલ્લભભાઇ નાંઢા**
- **સુગમ સંગીત – ભદ્રાબહેન વડગામા**
- **પ્રકીર્ણ – ઇમ્તિયાઝભાઇ પટેલ**
- **આત્મકથા – જીવનકથા – કૃષ્ણકાન્તભાઇ બૂચ**
- **ઉત્તર વિલાયતની સાહિત્ય સંસ્થાઓ અને તેમની પ્રવૃત્તિઓ – અહમદભાઇ લુણત ‘ગુલ’**

13.00 થી 14.00 ભોજન વિરામ

15.00 થી 18.00

બીજી બેઠક : સભા સંચાલન : **શૂચિબહેન ભટ્ટ**

પાંચ વિષય; દરેકને વીસેક મિનિટ

- **નવલિકા – અનિલભાઇ વ્યાસ**
- **નિબંધ – આશાબહેન બૂચ**
- **ભાષાશિક્ષણ – વિજ્યાબહેન ભંડેરી**
- **નાટક – વ્યોમેશભાઇ જોશી**
- **પત્રકારત્વ – સુષમાબહેન સંઘવી**

અધ્યેતાપદ-અર્પણવિધિ; સમાપન; આભાર વચન

18.00 થી 19.00 ભોજન

20.00 થી 21.00 કવિ સંમેલન

વિદાય

આ સમૂળા પ્રસંગે બપોરે હળવા ભોજનની, તેમ જ સાંજે ગુરુભોજનની, ગુજરાતી સાહિત્ય અકાદમીએ સુપેરે વ્યવસ્થા કરી જ છે. તમે સૌ ઉમંગભેર આ પ્રસંગે હાજર રહેશો તેની ખાતરી છે. પધારો.

અલબત્ત, આ ભાતીગળ અવસરને સારુ અકાદમી નાનુંમોટું દાન અવશ્ય સ્વીકારશે.

પરિસ્થિતિવસાત્ અકાદમીએ હાથ ધરેલાં પ્રકાશનો તૈયાર થયાં ન હોઇ, તે હવે પછી, 2019 વરસમાં, જાહેર લોકાર્પિત કરવામાં આવશે.